

ડીસા શહેરના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં નવરાત્રીની છેલ્લી રાત્રે અંબાજી માતાના મંદિર પરીસરમાં આખી રાત ખેલૈયાઓએ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. આ વિસ્તારના રહિશો દ્વારા ખેલૈયાઓ માટે લ્હાણી અને નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિસ્તારના રહિશોએ ઘરેથી આરતી તૈયાર કરીને આવ્યા હતા. મધરાતે માતાજીની મહાઆરતીમાં આ વિસ્તારમાં તમામ રહિશો જોડાયા હતા. નોરતાના છેલ્લા દિવસે રાતભર ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી.

# પ્રાંતિજમાં તાજીયાનું ભવ્ય ઝુલુસ નિકળ્યું

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ૧૨મીને બુધવાર ના રોજ બારકોટ અને પઠાણવાડામાંથી મુસ્લિમ બિરાદરો દ્વારા તૈયાર કરાયેલા તાજિયા મોહરમ પર્વ નિમિત્તે નીકળ્યા હતા. તડામાર તૈયારીઓ કરી ભવ્ય તાજીયા કલા કસબીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતાં. પ્રાંતિજ મેઈન બજારમાંથી પસાર થઈને નિયત કરેલ જગ્યાએ તાજિયા ઊભા રાખવામાં આવ્યા હતાં.

ઈસ્લામ ધર્મના મહાન પયંગબર મોહમંદ સાહેબના દોહિત્ર ઈમામ હુસેન તથા ૭૨ સાથીદારો શહાદતની યાદગીરીમાં મુસ્લિમ સમાજના વિસ્તારોમાં તાજિયા કમિટીઓ દ્વારા તાજિયા બનાવવામાં અવ્યા હતા. તે પછી મહોરમના દિવસે પ્રાંતિજના બજારમાં તાજિયા જુલુસ કાઢવામાં આવ્યું હતું. જેમાં મુસ્લિમ-હિન્દુઓ સહિત હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતાં. આ દિવસે માતમના દિવસ તરીકે મનાવવામાં આવેછે. જુલુસના માર્ગમાં ઠેરઠેર પાણીની પરબો તથા શરબતના સબાલનું આયોજન લોકો દ્વારા કરવામાં આવ્યું હતું. આજુબાજુના ગામડાઓમાંથી પણ જુલુસ જોવા ગ્રામજનો ઉમટી પડયા હતાં. આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, રઈશભાઈ કસ્બાતી, પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, વિજયભાઈ પટેલ સહિત ગામના અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં જયારે પઠાણવાડા તાજીયા કમિટીના સભ્યો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.





# ડીસામાં ફાઈનાન્સ જયદીપ પઢીયાર આત્મહત્યા મામલે ત્રણ સામે મરણ જનારની પત્નિએ નોંધાવી ફરીયાદ

ડીસા, તા. ૧૧

ડીસામાં ગત ૧૭ સપ્ટેમ્બરના રોજ જાણીતા ફાઈનાન્સર જયદીપ પઢિયાર આત્મહત્યા મામલે નવો વળાંક આવ્યો છે જેમાં ડીસા દક્ષિણ પોલીસ મથકે મૃતકની પત્નિએ તેમના પતિ જયદીપને ત્રણ આરોપીઓએ ૨૨.૬૨ કરોડ રૂપિયા લીધા બાદ પરત આપવાના બદલે ગર્ભિત ધમકીઓ આપતા આ આરોપીઓના ત્રાસથી જ તેમને આત્મહત્યા કરી હોવાનું જણાવી ફરીયાદ નોંધાવતા ચકચાર મચેલ છે.

ડીસામાં ગત ૧૭ સપ્ટેમ્બરના રોજ જાણીતા ફાઈનાન્સર જયદીપ પઢીયાર પોતાની જ રિવોલ્વરથી લમણામાં ગોળી મારી આત્મહત્યા કરી હતી. આ આત્મહત્યા મામલે ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધાયો છે.

ડીસા પાટણ હાઈવે પર આવેલ શ્યામ બંગલોઝમાં રહેતા જાણીતા ફાઈનાન્સર જયદીપ પઢિયારે ગત તા. ૧૭મી સપ્ટેમ્બરના રોજ ચંદ્રલોક રોડ પર તેમની ઈનોવા ગાડીમાં અચાનક રિવોલ્વર વડે આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. જેમાં પોલીસે પ્રથમ એડી ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી તે બાદની તપાસમાં બહાર આવ્યું હતુ કે ડીસાના ભરત લેબજી દેસાઈ, અમદાવાદના જીતેન્દ્ર ઉર્ફે જીતુ વાઘજી માળી અને ભાખર ગામના નેનારામ ભીખાજી માળી નામના ત્રણ શખ્સોને જયદીપ પઢિયારે વર્ષ ૨૦૧૫માં ૨૨.૬૨ કરોડ ઉપરાંતની રકમ આપી હતી. પરંતુ નાણાં સમયસર પરત આપવાના બદલે જો પૈસા પરત માંગ્યા છે તો તારા છોકરાઓનું અપહરણ કરી દઈશુ અને તારા પરિવારને જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આ ત્રણ ઈસમોએ આપી હતી. તેમ છતાં જયદીપ પઢિયારે ઉઘરાણી ચાલુ રાખતા ભરત દેસાઈએ કેફી દ્રવ્ય પીવડાવી તેમને મરવા માટે મજબુર કરતા જયદીપ પઢિયારે આત્મહત્યા કરી હોવાની ફરીયાદ મૃતકના પત્નિ નિકિતા પઢિયારે નોંધાવી છે જેમાં દક્ષિણ પોલીસે તેમની ફરીયાદના આધારે આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે જેની વધુ તપાસ પીએસઆઈ એસ.ડી. ચૌધરી ચલાવી રહ્યા છે.

# ડુચકવાડાથી ખીમાણાના રોડને પહોળો કરવા માટે આંદોલનના ભણકારા

ડીસા, તા.૧૨

બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતના અન્ય વિસ્તારોમાં નવા માર્ગોના નિર્માણ અને હયાત રોડમાર્ગોના નવિનીકરણની દરખાસ્તોને રાજય સરકાર ધડાધડ મંજુરી આપી રહી છે. જો કે મંત્રી કેશાજી ચૌહાણના મત વિસ્તારમાં સમાવિષ્ટ ડુચકવાડાથી ખીમાણાને જોડતા ખૂબ અગત્યના રોડને પહોળો કરવાની દરખાસ્ત સંદર્ભે હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી જેથી આ વિસ્તારમાં ભારે નારાજગી જોવા મળી રહી છે અને દિવાળી બાદ આ રોડને પહોળો કરવાની માંગણી સાથે સાત ગામોના લોકો દ્વારા આંદોલન શરૂ થાય તેવી શક્યતા પ્રવર્તી રહી છે.

ગુજરાત સરકારમાં માર્ગ અને મકાન વિભાગ સંભાળતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે તાજેતરમાં સમયગાળા દરમ્યાન રોડ માર્ગોના સંખ્યાબંધ કામોને મંજુરી આપી છે. જો કે, નવા મંજુર થઈ રહેલા કામોની યાદીમાં હજુ સુધી બનાસકાંઠાના દિયોદર તાલુકાના ડુચકવાડાથી ખીમાણાને જોડતા ખૂબ જ મહત્વના રોડને પહોળો કરવાની મંજૂરી અપાઈ હોવાની વિગતો નજરે પડી નથી. દિયોદરના ડુચકવાડાથી ગાંગોલ, ઓઢા, સરદારપુરા અને જસાલી થઈ ખીમાણા ગામે નેશનલ હાઈવેને જોડતા એકદમ સાંકડા અને ગંભીર વળાંકો ધરાવતા રોડ પર વાહન વ્યવહારનું પ્રમાણ ખુબ વધી ગયું હોઈ નાના-મોટા અકસ્માતોની ઘટનાઓ રોજીંદી બની ગઈ છે અને બે ભારે વાહનો સામ-સામે આવી જાય તો મોટી મુશ્કેલી સર્જાય છે. વળી, જેતડા, પાલડી, લાખણી અને જાડા વિસ્તારમાં પાટણ તેમજ રાધનપુર તરફ જવા આવવા માટે આ ટૂંકા અંતરનો રોડ ખૂબ જ સીધો પડતો હોઈ વાહનોની અવર -જવર ઉત્તરત્તર વધતી જાય છે આવી સ્થિતિમાં આ રોડને પહોળો કરવા છેલ્લા પાંચ વર્ષથી લેખિત અને મૌખિક રજુઆતો થઈ રહી છે. વળી, ગત ૧ લી એપ્રિલે દિયોદર ખાતે યોજાયેલા લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં પણ આ રોડને વિના વિલંબે પહોળો કરવાની રજુઆત થયા બાદ સ્થાનિક અધિકારીઓએ આ રોડને પહોળો કરવાની દરખાસ્ત મંજુરી માટે

ગાંધીનગર મોકલી આપી છે અને મંત્રી કેશાજી ચૌહાણે આ દરખાસ્તને પ્રાથમિકતા આપવાની લેખિત ભલામણ પણ કરી છે તેમ છતાં હજુ આ દરખાસ્તને મંજુરી અપાઈ નથી. જેથી ડુચકવાડા પંથકના લોકોમાં નારાજગીનુંપ્રમાણ વધી રહ્યું છે ત્યારે ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ડુચકવાડાથી ખીમાણાને જોડતા રોડને પહોળો કરવાની દરખાસ્ત પર વિના વિલંબે મંજુરીની મહોર મારે તે ઈચ્છનીય છે.

# ભિલોડામાં દશેરાની ધામધૂમપૂર્વક ઉજવણી

## ભિલોડામાં દશેરા નિમિત્તે જલેબી, ફાફડા, ચોરાફળીનું ધુમ વેચાણ : તિરૂપતી સોસાયટીમાં રાવણદહનનો કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં નવલી નવરાત્રીનું પર્વ પુર્ણ થતાં આજે દશેરા પર્વ નિમિત્તે જલેબી, ફાફડા, ચોરાફળીનું ધુમ વેચાણ થયું હતું. વેપારીઓને ઘી,કેળા થઈ ગયા હતા. ભિલોડામાં તિરૂપતી સોસાયટીમાં રાવણદહનનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા તાલુકામાં દશેરાની ઉજવણી ઠેર-ઠેર કરાઈ હતી. આસુરી શક્તિ સામે દેવી શક્તિના વિજયના પર્વને ઉજવવા ફાફડા, જલેબી, ચોરાફળી પ્રજાજનોએ આરોગ્યા હતા. ફાફડા અને જલેબીના ભાવોમાં ધરખમ ભાવ વધારા જોવા મળ્યો હતો. દશેરાના પર્વને શુભ દિવસ માનવામાં આવે છે ત્યારે વાહનો, ઘર, ઓફીસની ખરીદી પ્રજાજનોએ કરી હતી. દશેરા પર્વને કાયમી યાદગાર પ્રજાજનો બનાવી દેતા હોય છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં દશેરાના પાવન પર્વ નિમિત્તે ઠેર-ઠેર ફરસાણની નાની-મોટી દુકાનોમાં જલેબી-ફાફડા-ચોરફળીની ખરીદી કરવા વહેલી સવારથી જ કતારો લાગી હતી.





## પ્રાંતિજ પોલીસ દ્વારા વાહન ચેકિંગ હાથ ધરાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પોલીસ દ્વારા વાહન ચેકિંગ હાથ ધરવામાં આવી હતી જેમા કાર ઉપર લગાવેલ બ્લેક ફિલ્મ પણ સ્થળ ઉપર જ દુર કરવામાં આવી હતી. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ટોલનાકા પાસે આતંકવાદી હુમલા સર્દભે જિલ્લા પોલિસ વડા ની સુચના ને લઈને પ્રાંતિજ પી.આઈ.ટી.બી.રાઠોડ દ્વારા તેમણી ટીમ સાથે નેશનલ હાઈવે ઉપરથી પ્રસાર થતાં વાહનો ની ચેકિંગ હાથ ધરવામાં આવી હતી જે દરમ્યાન વાહનો ઉપર લગાવેલ બ્લેક ફિલ્મ પોલીસ દ્વારા હટાવવામાં આવીહતી અને સવારથી સાજ સુધી મોટા વાહનો સહિત નાના વાહનોની ચેકિંગ કરવામાં આવી હતી .

# પ્રાંતિજના મહિલા કોર્પોરેટર દાઝી જતાં સારવાર દરમિયાન મોત

## પહેલાં પ્રાંતિજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા ભાજપના વતમાન મહિલા કોર્પોરેટર કોઈ અગમ્ય કારણોસર દાઝી જતાં તેમણે પહેલાં પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતાં જયાં સારવાર દરમ્યાન મોત નિપજયું હતું.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ નગરપાલિકાના મહિલા કોર્પોરેટર સુવર્ણ જયંતિ અને શહેરી રોજગાર સમિતિ ચેરમેને અળખુબેન ભવાનજી રાઠોડ રહે. સિનીમા રોડ પ્રાંતિજ કે તેવો કોઈ કારણો સર પોતાનાં ઘરમાં દાઝી જતાં તેઓને પહેલાં પ્રાંતિજ સિવિલ ખાતે લાવવામાં આવ્યા હતાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા જયાં સારવાર દરમ્યાન તેમણુ મોત નિપજ્યું હતું.

આ અંગેની જાણ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં પ્રાંતિજ સિવિલમાં હાજર તબીબી ર્ડા. ડી. કે. જોગીયા દ્વારા પ્રાંતિજ પોલિસને જાણ કરતાં પોલિસે ફરીયાદ દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.



## પ્રાંતિજના બોરીયામાં ૧.૧૦ કરોડના ખર્ચે આરસીસી રોડ બનશે

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોરિયા માં મજરા થી બોરીયા સીતવાડા, પોયડાના ગામો વચ્ચે રૂપિયા ૧ કરોડ ૧૦ લાખના ખર્ચે તૈયાર થનાર આઈસીસી રોડનું ખાત મુહુર્ત ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના હસ્તે થયું હતું. જેમા ૧.૧૦ લાખ ના ખર્ચે તૈયાર થશે અને આજુબાજુ ના ગામો સહિત લોકોને નવીન રોડ બનવાના સમાચાર મળતાં આનંદ જોવાં મળ્યો હતો. ત્યારે આ પ્રસંગે સાબરકાંઠા બાધકામ સમિતિના ચેરમેન અભેસિંહ ઝાલા, જિલ્લા કારોબોરી સદસ્ય મિલકતસિંહ તાલુકા અધ્યક્ષ બેચરસિંહ રાઠોડ, જિલ્લા સદસ્ય રામસિંગ, કનુસિંહ તેમજ ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# મોડાસા લાયન્સ કલબ દ્વારા શેરી ગરબા સ્પર્ધા યોજાઈ

મોડાસા, તા. ૧૨

આધુનિક યુગમાં અર્વાચીન ગરબા ખેલૈયાઓમાં હોટફેવરીટ રહેતા ગરબાની વચ્ચે પ્રાચીન અને શેરી ગરબા લુપ્ત થઈ રહ્યા હોય લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા શેરી ગરબાની સાંસ્કૃતિ જળવાઈ રહે અને શેરી ગરબાનું આયોજન યથાવત રહે તે માટે શેરી ગરબા સ્પર્ધાનું આયોજન કરી મોડાસા શહેરના એક થી ત્રણ નંબરના કલાત્મક તેમજ માના સંગીતના તાલે ઝુમતા ખેલૈયાઓ રમતા આયોજક મંડળને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા.



મોડાસા તેમજ અરવલ્લી જિલ્લામાં સેવાકીય પ્રવૃત્તિઓ હંમેશા અગ્રેસર રહેતી લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા શેરી ગરબા સ્પર્ધા યોજી ઈનામ વિતરણ કર્યુ હતુ. મોડાસા શહેરની શેરી ગરબાની સ્પર્ધામાં ભાગ લેવા માંગતી તમામ નવરાત્રીઓમાં લાયન્સ ક્લબ ઓફ મોડાસાની નિર્ણાયક ટીમે ગરબા ગ્રાઉન્ડમાં પહોંચી સ્વચ્છ મેદાન, ટ્રેડીશનલ ડ્રેસ, પ્રાચીન મા અંબેના ગરબાઓમાં ખેલૈયાઓ ઘૂમતા હોય તેમજ માની માંડવળી સુંદર રીતે રોશનીથી અને ફૂલોથી શણગારી હોય તેવી ત્રણ નવરાત્રીઓને પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમથી નવાજવામાં આવી હતી. મોડાસા લાયન્સ ક્લબના પ્રમુખ મનુભાઈ પટેલ, મંત્રી ભાવેશ જયસ્વાલ, ડીસ્ટ્રીક ક્લબના કમલેશભાઈ પટેલ, પ્રવીણભાઈ પરમાર, સુરેશભાઈ પટેલ, ગીરીશભાઈ, જય અમીન તેમજ લાયોનેસ બહેનો દીપ્તીબેન, ભાવનાબેન, ગુણવંતીબેન કંસારા તેમજ લાયોનેસ બહેનો હાજર રહી હતી. મોડાસાની સરકારી જીનમાં રીદ્ધિસિદ્ધિ નવરાત્રી પ્રથમ, દ્વિતીય નંબરે રામાપાર્ક યુવક મંડળની અરવલ્લી નવરાત્રી અને તૃતીય ક્રમે વિવેકાનંદ સોસાયટી વિજેતા બની હતી.

સેરી ગરબા સ્પર્ધાનું આયોજન કરનાર લાયન્સ ક્લબ ઓફ મોડાસાની નગરજનોએ સરાહના કરી ભારતીય સંસ્કૃતિ જાળવવાના પ્રયાસને બિરદાવ્યો હતો. વિજેતા બનેલા શેરી ગરબાના આયોજક મંડળો ઈનામી ટ્રોફી મેળવતા ઝૂમી ઉઠ્યા હતા.



## પ્રાંતિજના પોગલું ખાતે નવરાત્રી ચોકમાં સમુહ આરતી યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના પોગલું ગામે હવન તથા સમુહ આરતી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૫૦૦ થી પણ વધારે માઇ ભકતોએ સમુહ આરતી ઉતારી ધન્યતા અનુભવી. પ્રાંતિજના પોગલું ગામે મા વારાહી માતાજીના મંદિરમાં હવન તથા વર્ષોથી નવરાત્રીમાં ગામમા રહેતાં દરેક પરિવાર માંથી એક વ્યક્તિ માતાજી ના ઉપવાસ કરેછે અને માતાજીના હવન બાદ ઉપવાસ છોડે છે જયારે વર્ષોની પરંપરા મુજબ હવન બાદ આરતી કરી ખીરની પ્રસાદ અપાય છે અને રાત્રે સમુહ આરતી નું આયોજન કરવામાં આવેછે જેમાં ૫૦૦ જેટલાં ભાઇઓ બહેનો યુવાનો વડીલો ભુલકાઓ સમુહ આરતી નો લાભ લઇ માતાજીની આરતી ઉતારી ધન્યતા અનુભવે છે. જયારે ગામના કોઇપણ વ્યક્તિ નોકરી ધંધા અર્થે કયાંય પણ હોય પણ હવન ના દિવસે માતાજી ના ગરબા ના દર્શન કરવા ફરજીયાત ઘરે આવે છે અને સમુહ આરતી બાદ માઇ મંડળ દ્વારા મહાપ્રસાદ નો પ્રસાદ અપાય છે.

# મજરા ચોકડી ક્રિષ્ણા ગેસ્ટ હાઉસ દ્વારા નિયમોની ઐસી કી તૈસી

**તંત્રના આંખે હપ્તાના પાટા : ત્યારે પોલિસ તંત્ર પણ ગોર નિદ્રામાં**

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ મજરા ચોકડી ઉપર ક્રિષ્ણા ગેષ્ટ હાઉસ માં નિયમો ની ઐસી કી તૈસી છતાં જેની જવાબદારી છે તંત્ર માત્ર હપ્તાની લ્હાય માં નજર અંદાજ કરતું હોય તેવું હાલતો સ્પષ્ટ રીતે જણાઈ આવે છે અને ગેસ્ટ હાઉસ ના માલિક દ્વારા માત્ર પૈસા કમાવવાની લ્હાયમાં નિયમો નેવે મુકી બિદાસ પણે ગેસ્ટ હાઉસ ચલાવવામાં આવે છે.

અમદાવાદ- હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના મજરા ચોકડી ઉપર આવેલ ક્રિષ્ણા ગેસ્ટ હાઉસમાં નિયમોની ઐસી કી તૈસી છતાં જેની જવાબદારી છે તે તંત્ર આંખો ઉપર હપ્તા ના પાટા બાંધી ગોર નિદ્રામાં હોય તેવું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે ત્યારે યુવાધન હાલતો આવા ગેસ્ટ હાઉસ માલિકો દ્વારા પૈસા કમાવવાની લ્હાય માં બરબાદી ના પથે જતું હોય તેવું સ્પષ્ટ રીતે જણાઈ આવેછે અને ગેસ્ટહાઉસ માલિક દ્વારા માત્ર દેખાવ પુરતી આખા દિવસ માં ગેસ્ટ હાઉસ માં લોકો ની અવર- જવર છતાં એક કે બે ગાહકો પાસે થી આર્યડી પુફ લેવામાં આવે છે અને બીજી તો હોતાં હે ચલતા હે જેવી સ્થિતિ છે ત્યારે આવા ગેસ્ટ હાઉસો ને જેની જવાબદારી છે તંત્ર જાણે હપ્તાની લ્હાયમાં સાવરતું હોય તેવું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે અને રોજના કેટલાય વ્યક્તિ બે નબરમાં અવર-જવર કરતાં છતાં માત્ર એક - બે ચોપડે નોધ લેવાય છે .ત્યારે સીસીટીવી કેમેરા પણ માત્ર દેખાવ પુરતાં હોય તેમ છે અને બે સીડી હોવાથી બે નંબર માં પાછળ થી અવર જવર થતી જોવાં મળે છે. ત્યારે પૈસા ની લ્હાય માં ક્રિષ્ણા ગેસ્ટ હાઉસ ના માલિક દ્વારા સરકારી નિયમો ની ઐસી કી તૈસી કરવામાં આવે છે છતાં હાલતો તંત્ર ની ચુપકી છે ત્યારે જો ખરેખર આ ગેસ્ટહાઉસ માં તપાસ થાયતો બાંધકામ થી લઈને કેટલુંય બહાર આવે તેમ છે ત્યારે શું તંત્ર દ્વારા આવા ગેસ્ટ હાઉસો ઉપર પગલાં પાડવામાં આવશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું.